અપીલ અરજી નં.૨૯૧ તા. ૧૫–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી એફ. જી. સૈયદ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી એફ. જી. સૈયદની આઈ ડી નં. ૩૨૮ તા.૧૦–૧૧–૧૦ ની અરજીથી પાળા યોજના દિવાલથી કેટલા અંતરે બાંધકામ થઈ શકે તથા પાલીયાવાડ ભારોટ ટેકરા પર ૫ માળનું બાંધકામ થઈ રહયું છે તે બાંધકામ શું આપના નિયમો મુજબ છે? પાળા યોજનાની દિવાલથી એ બાંધકામ ફકત ૧૨ ફુટના અંતરમાં બાંધકામની પરમીશન મળી શકે છે અને પ્લાન પાસ થઈ શકે છે તેમજ સુઝાતખાન સ્ટ્રીટમાં આવેલ મિલ્કત નં.૮/૪૩ અને ૮/૪૪ ના દબાણો અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૧/૨૦૧૦–૧૧

શ્રી એફ. જી. સૈયદની આઈ ડી નં. ૩૨૮ તા.૧૦–૧૧–૧૦ ની અરજીથી પાળા યોજના દિવાલથી કેટલા અંતરે બાંધકામ થઈ શકે તથા પાલીયાવાડ ભારોટ ટેકરા પર ૫ માળનું બાંધકામ થઈ રહયું છે તે બાંધકામ શું આપના નિયમો મુજબ છે? પાળા યોજનાની દિવાલથી એ બાંધકામ ફકત ૧૨ ફુટના અંતરમાં બાંધકામની પરમીશન મળી શકે છે અને પ્લાન પાસ થઈ શકે છે તેમજ સુઝાતખાન સ્ટ્રીટમાં આવેલ મિલ્કત નં.૮/૪૩ અને ૮/૪૪ ના દબાણો અંગેની માહિતી આપવા બાબતે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૬૮ તા.૮–૧૨–૧૦ થી મળેલા પ્રતિભાવથી નારાજ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,અરજી તબદીલ પત્ર, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૦ તા.૨૮–૧૨–૧૦ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં જે મુળ અરજી સામે અપીલ કરવામાં આવેલ હોય તે મુળ અરજીની નકલ ,ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અથવા પ્રત્યુત્તરની વિગત આરટીઆઈ એકટની નિયમ–૬ મુજબ અપીલ ફોર્મમાં કે અપીલ અરજીમાં જણાવવાનું રહે છે. જે અપીલ અરજીમાં જણાવેલ ન હોઈ તેમ કરવા અથવા વિગતો સામેલ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૩૫ તા.૪–૧–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૬૮ તા.૮–૧૨–૧૦ થી આપેલ જવાબની નકલ, તા.૯–૧૨–૧૦ ના રોજ ભરવામાં આવેલ રૂા.૧૨૨/– ની રસીદની નકલ, અરજદારનેપત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૫૬૮ તા.૮–૧૨–૧૦ ઉપર અરજદારને પ્લાનની નકલ મળ્યાની સહી અંગેનો પત્ર અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૦–૧૧–૧૦ થી રાંદેરઝોનને લખેલ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી તાપી પાળા વિભાગ અઠવાલાઈન્સ સુરતનો પત્ર નં.તાપાવિ/પીબી/માહિતી અધિ./ ફા.૨૧/૩/ ૧૭૩૦ તા.૨૯–૯–૧૦ નો પત્રની નકલ, નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૬૮ તા.૮–૧૨–૧૦નો પત્ર તા.૧૩–૧૨–૧૦ ના રોજ કરવામાં આવેલ અરજીની નકલ તથા તે અંગેની ફી ભર્યાની પહોંચની નકલ, તા.૧૮–૧૨–૧૦ ના રોજ મ્યુ. કમિ.શ્રી ને આપવામાં આવેલ અરજીની નકલ, તા.૧૮–૧૨–૧૦ ના રોજ વેસ્ટઝોનને આપવામાં આવેલ અરજીની નકલ,મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર રાંદેરઝોન તરફથી પર્સોનલ ઓફિસરશ્રી અને મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ પત્ર, નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૦ તા.૨૭–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૦–૧૧–૧૦ થી માહિતી માંગતી અરજી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાનેપાળા યોજનાથી દિવાલથી કેટલા અંતરે બાંધકામ થઈ શકે તથા પાલીયાવાડ ભારોટ ટેકરા પર ૫ માળનું બાંધકામ થઈ રહયું છે તે બાંધકામ શું આપના નિયમો મુજબ છે? પાળા યોજનાની દિવાલથી એ બાંધકામ ફકત ૧૨ ફુટના અંતરમાં બાંધકામની પરમીશન મળી શકે છે? અને પ્લાન પાસ થઈ શકે છે તેમજ સુજાતખાન સ્ટ્રીટમાં આવેલ મિલ્કત નં.૮/૪૩ અને ૮/૪૪ ના દબાણો અંગેની માહિતી માંગેલ. જે બાબતે અરજદારે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૬૮ તા.૮–૧૨–૧૦ થી મને માહિતીની નકલો આપવાના બદલે ફકત બધા ઉડાઉ જવાબો જ આપ્યા છે જે સત્ય હકીકતથી વેગળી અને ગેરમાર્ગે દોરનારા છે તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૫૬૮ તા.૮–૧૨–૧૦ થી અરજી સાથે સામેલ થઈ આવેલ ફોટોગ્રાફમાં દર્શાવેલ બાંધકામ પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ રાંદેરઝોન કચેરીએથી ઉપબ્ધ થઈ શકશે. માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ ની માહિતી જ આપવાની હોય છે સવાલના જવાબ આપવાના થતા નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદાર તા.૯–૧૨–૧૦ ના રોજ રસીદ નં.૧૩૨૮૭૪ થી રૂા.૧૨૨/–ભરપાઈ

કરેલ છે અને અરજદારે પ્લાનની નકલ મળ્યા બદલની સહી પણ તા.૯–૧૨–૧૦ ના રોજ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અનુસાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ જણાય છે.

જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પત્ર અને અરજદારે ફી ભરપાઈ કરી મેળવેલ પ્લાન તથા રજાચિઠ્ઠીની વિગત ધ્યાને લેતાં મુદ્દા નં.૧ ની માહિતી અરજદારને મળી ગયેલ હોવાનું માનવાને કારણ છે. અરજદારે તેમની મુળ અરજીના મુદ્દા નં.૨ થી સિંચાઈવિભાગની સરકારી જમીન પર અરજદારે કરેલ દબાણ દુર કરવા સામે અન્ય મિલ્કતમાં થયેલ તેવું બાંધકામ નહીં તોડવા અંગે તથા ભારોટ ટેકરા પરના પાંચ માળના બાંધકામ અંગેની કાર્યવાહીની વિગતો માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ " ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની હોય છે સવાલના જવાબ આપવાના થતા નથી. " તેવું જણાવેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૪(૧)(ડી) અન્વયે જાહેર સત્તા મંડળે તેમના વહીવટી કે અર્ધ ન્યાયિક નિર્ણયોની અસરકર્તા વ્યકિતઓને કારણો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેનું પાલન પ્રસ્તુત કિસ્સામાં થયેલ જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુદ્દા નં.૨ ની માહિતી પૂરી પાડેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૪(૧)(ડી) ની જોગવાઈ અનુલક્ષી ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(રાંદેર ઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદ,